ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આઝાદી કા અમૃત મહોત્સવ

**પ્રેસનોટ- 2722/11/2024** **તા.08-11-2024**

જમ્મુ કાશ્મિર વિધાનસભામાં બનેલ ઘટના સંદર્ભે ગુજરાત પ્રદેશ અધ્યક્ષ તેમજ કેન્દ્રીય જળશક્તિ મંત્રીશ્રી સી.આર.પાટીલજીએ સુરત ખાતે પત્રકાર પરિષદને સંબોધી.

----

જમ્મુ-કાશ્મિરમાં કલમ 370 અને 35-એ ની કલમ રદ કરવાનો નિર્ણય સંસદમાં સંપુર્ણ બહુમતી સાથે અને લાંબી ચર્ચા વિચારણા પછી લેવાયો છે, આ નિર્ણયને તોડવાનુ કામ કોંગ્રેસ અને એનસીના નેતાઓ કરી રહ્યા છે. – શ્રી સી.આર.પાટીલ

----

**કલમ 370 અને 35-એ રદ થયા પછી જમ્મુ-કાશ્મિરમાં આતંકવાદી હુમલામાં 70 ટકા જેટલો ઘટાડો થયો છે, ત્યાના સ્થાનિકો હવે દેશના વિકાસમા ફાળો આપવા માંગે છે. – શ્રી સી.આર.પાટીલ**

----

બંધારણ દ્વારા પ્રાપ્ત થયેલ આદિવાસી-દલિત કે લઘુમતી સમાજના ભાઇ-બહેનોને મળેલ અધિકારનુ રક્ષણ કરવામાં કોંગ્રેસ અને એનસી પાર્ટીને વાંધો શું છે?કેમ તેઓ તેમના અધિકાર છીનવવા માંગે છે આનો જવાબ તેમને દેશની જનતાને આપવો પડશે. – શ્રી સી.આર.પાટીલ

----

કોંગ્રેસ અને નેશનલ કોન્ફરન્સ પાર્ટીનો અસલી ચહેરો જનતા સમક્ષ ઉજાગર થયો છે તેમની આ મેલી મુરાદ પુરી થવાની નથી. – શ્રી સી.આર.પાટીલ

----

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, જમ્મુ કાશ્મિર વિધાનસભામાં બનેલ ઘટના કે જેમા વિધાનસભાના સત્રના પાંચમા દિવસે સત્ર શરૂ થતા જ નેશનલ કોન્ફરન્સ પાર્ટીના નેતાઓએ કલમ 370 મુદ્દે હોબાળો કર્યો હતો તે સંદર્ભે ગુજરાત પ્રદેશ અધ્યક્ષ તેમજ કેન્દ્રીય જળશક્તિમંત્રીશ્રી સી.આર.પાટીલજીએ સુરત ખાતે પત્રકાર પરિષદને સંબોધી હતી.

શ્રી સી.આર.પાટીલજીએ પત્રકારશ્રીઓને સંબોધતા જણાવ્યું કે, કોંગ્રેસ માટે દેશના બંધારણને તોડવુ-મરોડવુ તે ગમતો વિષય છે. નેશનલ કોન્ફરન્સના ધારાસભ્યોએ પહેલી વખત વિધાનસભામાં બંધારણના આધારે મુખ્યમંત્રી અને મંત્રીઓએ શપથ લીધા અને વિધાનસભામાં તેમને પહેલુ કામ સંસદમા લીધેલા નિર્ણયને તોડવાનો પ્રયત્ન કરી રહ્યા છે. કોંગ્રેસના નેતાઓ હાથમાં બંધારણની કોપી લઇને ફરે છે પરંતુ કોંગ્રેસ નેશનલ કોન્ફરન્સને આ મુદ્દે સપોર્ટ કરે છે. જમ્મુ-કાશ્મિરમાં કલમ 370 અને 35-એ ની કલમ રદ કરતી વખતે સંસદમા સંપુર્ણ બહુમતી સાથે અને ઉંડાણપુર્વક ચર્ચા વિચારણાના અંતે કલમ દુર કરવાનો નિર્ણય લેવાયો હતો જેને તોડવાનો કોંગેસ અને એનસી પાર્ટીના નેતાઓ સાથે મળી પ્રયાસ કરી રહ્યા છે.

જમ્મુ-કાશ્મિરમાં કલમ 370 દુર કરાયા પછીની સ્થિતિ અંગે માહીતી આપતા શ્રી સી.આર.પાટીલજીએ વધુમાં જણાવ્યું હતું કે, કલમ 3 70 દુર કરાતા જમ્મુ-કાશ્મિરમાં રહેતા લોકો પણ માને છે કે હવે તેમને ખરા અર્થમાં સ્વતંત્રતા મળી છે. કલમ 370મા જમ્મુ-કાશ્મિરની દિકરીઓ અન્ય જગ્યાએ લગ્ન કરે તો તેમને તેમના પિતાની મીલકતમાં હક્ક મળતો ન હતો. દલિત અને આદિવાસી સમાજના જે લોકો જમ્મુ-કાશ્મિરમા વસે છે તેમને પણ રિઝર્વેશનનો લાભ મળતો ન હતો જેથી તેમના અધિકાર છીનવી લેવામાં આવતા હતા. આ કલમ રદ કરવાથી આદિવાસી,લઘુમતી,દલિત સમાજની બહેન-દિકરીઓને તેમના મળવા પાત્ર અધિકાર મળ્યા છે. કલમ રદ થયા પછી જમ્મુ-કાશ્મિરમાં આતંકવાદી હુમલામાં 70 ટકા જેટલો ઘટાડો થયો છે. આંતકવાદને બદલે હવે ત્યાના સ્થાનિકો દેશના વિકાસમા ફાળો આપવા માંગે છે. ત્યાની ચૂંટાયેલી સરકાર વિકાસના કામોને અગ્રીમતા આપવાને બદલે પહેલુ કામ સંસદ દ્વારા લેવાયેલા નિર્ણયને તોડવાનુ કામ કરી રહી છે તે બદલ કોંગ્રેસના નેતાઓ પાસેથી બંધારણ

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રત્યેની વફાદારી ક્યા ગઇ તે જાણવું જરૂરી છે. બંધારણ દ્વારા પ્રાપ્ત થયેલ આદિવાસી-દલિત કે લઘુમતી સમાજના ભાઇ-બહેનોને મળેલ અધિકારનુ રક્ષણ કરવામાં તેમને વાંધો શુ  છે? કેમ તેઓ તેમના અધિકાર છીનવવા માંગે છે? આનો જવાબ તેમને દેશની જનતાને આપવો પડશે નહીતર જનતા જ તેમને જવાબ આપશે તેવો મને વિશ્વાસ છે.  કોંગ્રેસ અને નેશનલ કોન્ફરન્સ પાર્ટીનો અસલી ચહેરો આજે જનતા સમક્ષ ઉજાગર થયો છે પરંતુ તેમની આ મેલી મુરાદ પુરી થવાની નથી.

આ પ્રેસ કોન્ફરન્સમાં સુરત શહેર ના પ્રમુખ શ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા, મેયર શ્રી દક્ષેશભાઈ માવાણી, ધારાસભ્ય શ્રી સંદીપભાઈ દેસાઈ,શહેર મહામંત્રી શ્રી કિશોરભાઈ બિંદલ, દક્ષિણ ઝોન મીડિયા વિભાગના ઝોન કન્વીનર શ્રી રાજેશભાઈ દેસાઈ, દક્ષિણ ઝોન મીડિયાના સહ કન્વીનર શ્રી દિપીકાબેન ચાવડા,સહિત પદાધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**ડૉ.યજ્ઞેશ દવે**
**(પ્રદેશ મિડિયા કન્વીનર)**